# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૧૮/૦૬/૨૦૨૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૨૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૧૮ લીટર દેશી દારૂ અને ૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૨૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૨૬/૨૦૨૫**

**સોલા હાઇકોર્ટઃ** ભાવેશભાઇ ગોરધનભાઈ પટેલ (રહે.હાર્મની સ્ટેટસ બંગ્લોઝ, સાયન્સ સીટી સામે, સ્વામીનારાયણ મંદીર પાછળ, સોલા) એ તા.૧૭/૦૬/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૫ સાંજના ૬/૦૦ થી તા.૧૭/૦૬/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનો પાછળનો દરવાજો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેગમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૮,૬૮,૭૫૦/- મતાના ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એન.ભુકણ ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૨૭/૨૦૨૫**

**શાહપુરઃ** જસરાજભાઈ સ/ઓ જગદીશકુમાર ગોયલ (ઉ.વ.૨૧) (રહે. દુધવાળી પોળ ઘી કાંટા શાહપુર) તા.૧૬/૦૬/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક નજીક નવઘરીના ખાંચા સામે ઈલેક્ટ્રીક થાંભલા નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે વરસાદના કારણે પાણી ભરાયેલ હોય વિજ કરંટ લાગતા સારવાર માટે તેને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એસ.મુસાર ચલાવે છે.

**રામોલઃ** સી.ટી.એમ ખાતે લક્ષ્મણભાઈ એસ્ટેટમાં આવેલ પીન્કેશ ટેક્સટાઇલમાં ટેકલર તરીકે કામ કરતા અયુબખાન હબીબખાન મલેક (ઉ.વ.૩૬) (રહે. જશનગર, જનતાનગર, રામોલ રોડ, રામોલ) તા.૧૭/૦૬/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે કારખાનામાં ટ્યુબલાઈટની ઉપરના ભાગે પ્લાસ્ટિક બાંધતા હતા ત્યારે વિજ કરંટ લાગતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાર્તિકભાઈ મોતીભાઈ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૨૮/૨૦૨૫**

**નરોડાઃ** નરોડા હંસપુરા ડી માર્ટ રોડ ગણેશ વેલેન્સીયા નામની નવી બનતી સાઇટ ખાતે રહેતા અને ત્યાં જ કામ કરતા ઇશ્વરભાઇ સ/ઓ રતુભાઇ કટારા (ઉ.વ.૩૮) (મુળ વતન. ગામ-બાબા કી બાર તા-ગલીયા કોટ જી-ડુંગરપુર રાજસ્થાન) તા.૧૭/૦૬/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યા પહેલા સાઇટના "એ" બ્લોકના ઉપરના માળેથી નીચે પડતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ફતેસિંહ દેવુસિંહ ચલાવે છે.

**નારોલઃ** નારોલ "કુમાર કોટન" ખાતે કામ કરતા નિખીલ શિવકુમાર પ્રજાપતી (ઉ.વ.૧૯) (રહે. લક્ષ્મીનગર-૨ દ્વારકાનગરી સામે ઓલ્ડ ઓક્ટ્રોય નાકા સૈજપુર ગોપાલપુર નારોલ) તા.૧૭/૦૬/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે નારોલ કુમાર કોટન ખાતે કામ કરતા હતા ત્યારે રોલ મશીનમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૨૯/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** બોપલ બી.કે.એમ.સ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા બૈજુકુમાર લાલજીભાઇ ચુડાસમા (ઉ.વ.૫૪) (રહે. ચાણક્ય એપાર્ટમેન્ટ યુનીક આસીયાની બાજુમાં જગતપુર રોડ ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૫ ના કલાક ૧૨/૦૦ વાગે ઝાયડસ હોસ્પીટલ સામે બ્રીજ નીચે પોતાની જાતે ઝેરી દવા પી લીધી હતી ત્યારબાદ બૈજુકુમાર ચુડાસમા બોપલ ખાતેની સ્કુલે નોકરીના સ્થળે ગયા હતા. જ્યાં બૈજુકુમાર ચુડાસમાને વામીટ થતા સારવાર માટે તેમને બોપલ સરસ્વતી હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તેપાસ મ.સ.ઇ.શ્રી કાજલબહેન ગોરધનભાઇ ચલાવે છે.

**વાડજઃ** યતીષ મુકેશભાઈ શેખાવા (ઉ.વ ૨૯) (રહે. શ્રમજીવીનગરનાં છાપરાં તુલસીનગર સોસાયટી પાસે જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૭/૬/૨૦૨૫ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નયનાબહેન શીલાશભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી